पु॰ना International School

Shree Swaminarayan Gurukul, Zundal

# Class -VI

# GUJARATI

# Assighment

# Year- 2020-21



# ગુજરાતી

## ધોરણ 6

(પ્રથમ સત્ર - દ્વિતીય સત્ર)




Scanned with CamScanner

# 11. ઊંટ અને ફકીર

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| **1)** | ફકીર | = | ત્યાગી |
| **2)** | વગડો | = | જંગલ |
| **3)** | ખોડું | = | લંગડુ |
| **4)** | લાદવું | = | મૂકવું |
| **5)** | કરડાયેલા | = | દાંતથી કાપેલાં |
| **6)** | ધણી | = | માલીક |
| **7)** | બણબણવું | = | 'બણબણ' એવો અવાજ કરવો |

## સાહિત્ય

### નીચેના પ્રશ્નોનાં જવાબ લખો.

1) વેપારીએ ફકીરને શું પૂછ્યું?

જ) વેપારીએ ફકીરને પૂછ્યું " ફકીરબાબા, તમે આટલામાં ક્યાંય ઊંટ જતું જોયું?".

2) વેપારી ગુસ્સે શા માટે થયો ?

જ) ફકીરનો જવાબ સાંભળી વેપારીને થયું કે નક્કી આ ફકીરે મારા ઊંટને જોયુ તો છે; પણ તેના ઉપરના માલની લાલચે તે મને બતાવવા માગતો નથી, તેથી વેપારી ગુસ્સે થયો.

3) ઊંટ એક આંખે કાણું હશે એવું અનુમાન ફકીરે ક્યા આધારે કર્યું?

જ) ઊંટના પગલાના માર્ગની એક જ બાજુમાં જ ઝાડનાં પાંદડાં કરડેલા હતા, તે પરથી ઊંટ એક આંખે કાણું હશે એવું અનુમાન ફકીરે કર્યું.

4) ફકીરે પોતાની કઇ ટેવને આધારે ઊંટનું વર્ણન કર્યું?

જ) ફકીરે પોતાની અવલોકન કરવાની ટેવને આધારે ઊંટનું વર્ણન કર્યું.

નીચેના પ્રશ્નોનાં જવાબ સવિસ્તાર લખો.

1) ફકીરે કરેલું ઊંટનું વર્ણન કરો?

જ) ફકીરે કરેલું ઊંટનું વર્ણન : તેની જમણી આંખ ફૂટેલી છે. તે ડાબે પગે ખોડું છે. તેનો આગલો દાંત પડી ગયો છે. તેની એક બાજુએ મધ તથા બીજી બાજુએ ઘઉં લાદ્યા છે.

2) વેપારીએ કડકાઇથી ફકીરને શું કહ્યું?

જ) વેપારીએ કડકાઇથી ફકીરને કહ્યું : " ડાહ્યા થઇ મારું ઊંટ મને આપી દો, તેના ઉપર કીમતી ઝવેરાત પણ હતું. જો નહિ આપો, તો તમને પકડીને રાજા પાસે લઇ જવા પડશે.

3) વેપારીની ધમકીનો ફકીરે શો જવાબ આપ્યો?

જ) વેપારીની ધમકીનો ફકીરે જવાબ આપ્યો : " અરે શેઠજી, હું તમને ખરું કહું છું કે, મે તમારું ઊંટ જોયુ જ નથી; પછી તેના પરની ઝવેરાતની વાત જ શી?"

4) ઊંટ પર ઘઉં અને મધ હતાં – એવું અનુમાન ફકીરે ક્યા આધારે કર્યું હશે ?

જ) ઊંટના માર્ગની એક બાજુએ ઘઉં વેરાયેલા હતા અને બીજી બાજુએ માખીઓ બણબણતી હતી. તેના આધારે ફકીરે અનુમાન કર્યુ હશે કે ઊંટ પર ઘઉં અને મધ હતા.

5) ફકીરની વાત સાંભળી રાજાએ શું કર્યુ?

જ) ફકીરની વાત સાંભળીને રાજાને ખાતરી થઇ કે ફકીરે ખરેખર ઊંટ જોયુ નથી કે સંતાડ્યુ નથી. તેણે ઊંટ વિશે જે કહ્યું તે તેની અવલોકન કરવાની ટેવ પરથી જ કહ્યુ હતું. રાજાએ ફકીરને ઇનામ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો અને તેની અવલોકન શક્તિનાં વખાણ કર્યા

## વ્યાકરણ

### નીચેના શબ્દો પરથી વાક્યો બનાવો.

| | | | |
|---|---|---|---|
| 1) | ઝવેરાત | = | ચોર પાસે કશું ઝવેરાત મળ્યું નહિ. |
| 2) | હુકમ | = | બાદશાહે બીરબલને દરબારમાં આવવાનો હુકમ કર્યો. |
| 3) | અનુમાન | = | વાદળાંથી અનુમાન થઇ શકે છે કે વરસાદ આવશે. |
| 4) | અવલોકન | = | ફકીરની અવલોકન કરવાની શક્તિ સારી છે. |
| 5) | ફકીર | = | આજે ગામમાં એક ફકીર આવ્યા છે.. |

### નીચેના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | કૃપા | = | મહેરબાની | 2) | આંખ | = | નયન |
| 3) | વિખૂટું | = | છૂટું | 4) | જંગલ | = | વન |
| 5) | લાલચ | = | લોભ | 6) | રહેમ | = | દયા |

### નીચેના શબ્દોને શબ્દકોશ પ્રમાણે ગોઠવો.

1) ઊંટ , ફકીર , ઉપર, હુકમ

જ) ઉપર , ઊંટ , ફકીર , હુકમ